# *VBGC*- હોસ્ટેલના નિયમો

=============================================================

1. પ્રથમ /બીજા સેમેસ્ટરની હોસ્ટેલ ફી ભરાશે પછી જ હોસ્ટેલ રૂમ ફાળવવામાં આવશે. ફી ભર્યા પછી જ હોસ્ટેલમાં પ્રવેશ મળશે. ફી ભર્યા બાદ હોસ્ટેલ ફી પરત મળવા પાત્ર નથી.
2. વાલીશ્રીએ ફળવાયેલ સમય તેમજ વાલી મીટીંગ સિવાય વિધાર્થિનીઓને મળવા આવવાની સખત મનાઈ છે.
3. હોસ્ટેલમાંથી રજા લેવાની હોય ત્યારે અગાઉથી એપ્લિકેશન ફરજિયાત મોકલવાની રહેશે.અન્યથા રજા મંજૂર થશે નહીં.
4. વિધાર્થિનીઓને ચોક્કસ કારણોસર લેવા આવવાનું થાય તો આઈકાર્ડ લઈ વાલીએ જ લેવા આવવાનું રહેશે.
5. વિધાર્થિનીઓને હોસ્ટેલમાં સંસ્થા દ્વારા નિયત કરાયેલ સિવાય કોઇ પણ પ્રકારનો નાસ્તો રાખવાની સખત મનાઈ છે.તેમજ નાસ્તો મોકલવાનો જે તે દિવસ નક્કી કર્યો હોય તે જ દિવસે **{3.30pm - 4.30pm}** આપવા આવવાનું રહેશે, અન્ય દિવસમાં કોઈપણ સાથે કે અપડાઉનમાં નાસ્તો મોકલાવો નહીં. (મૂકવા આવો ત્યારે જ ડ્રાયફ્રૂટ અને ફ્રુટ લાવી શકાશે.)
6. શનિવારે સાંજે **4:00** થી સોમવારે સવારે **7:30** સુધી હોસ્ટેલ કેમ્પસમાં કોઈને પણ મળવા દેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.
7. હોસ્ટેલ કેમ્પસમાં અન્ય વિધાર્થિનીઓને પોતનો મોબાઇલ ફોનનો ઉપયોગ કરવા દેવો નહીં તેમજ રેકટર ની સુચના પ્રમાણે મોબાઈલ ફોન ઉપયોગ કરી શકશે.
8. આકસ્મિક અને અનિવાર્ય સંજોગોમાં વિદ્યાર્થીનીના માતા-પિતાને જાણ કરવામાં આવશે.
9. વિધાર્થિનીઓને રોકડ રકમ કે કિમતી દાગીના સાથે લાવવા નહીં, છતાં પણ લાવશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં.
10. હોસ્ટેલની વિદ્યાર્થીનીને લેવા કે મૂકવા માટે કોલેજ બસની સુવિધા મળી શકશે નહીં. વાલીશ્રીએ રૂબરૂ સહી કરી લેવા કે મુકવા આવવાનું રહેશે.
11. વિધાર્થિનીઓને કોઈ પણ સ્વાસ્થ્ય સંબંધિત દવા રેકટર મેમની જાણ બહાર રાખવી નહીં.
12. કોઈ પણ પ્રકારની ગેરશિસ્ત સ્વીકારવામાં આવશે નહીં.
13. કોઇ પણ વિધાર્થીને શાળા કેમ્પસમાંથી બહાર જવાની પરવાનગી મળશે નહીં.
14. વિધાર્થિનીઓને ફરજિયાત અહીંયાના સમય પત્રકનું પાલન કરવાનું રહેશે.
15. ચાલુ કોલેજએ હોસ્ટેલની વિદ્યાર્થીનીએ હોસ્ટેલમાં જવું નહીં.
16. લોન્ડ્રી અને મેડિકલ ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.લોન્ડ્રીમાં આપવાના દરેક કપડા પર નંબર લખેલું સ્ટીકર ફરજિયાત ઘરેથી જ લગાવીને લાવવાનું રહેશે. જો કપડા પર નંબરનું સ્ટીકર લગાવેલ ના હોય અને કપડાં ખોવાઈ તો તેની જવાબદારી વિધાર્થિનીઓની રહેશે. હોસ્ટેલ ડ્રેસ ફરજિયાત પહેરવાનો રહેશે.
17. લોન્ડ્રી તથા ઈસ્ત્રી ચાર્જ નીચે મુજબ રહેશે.

    **(1) પેન્ટ શર્ટ રૂ.25/- (2) બ્લેઝર રૂ.30/- (3)ચાદર રૂ.20/- (4) સિંગલ કપડા રૂ.15/-**
18. હોસ્ટેલની રજા આપ્યા બાદ હોસ્ટેલમાં હાજર થવાના સમય પર જ હાજર થઇ જવું.
19. હોસ્ટેલની કોઈ પણ વસ્તુને વિધાર્થિનીઓ નુકસાન કરશે તો તેની પાસે જે તે વસ્તુનો ચાર્જ વસૂલ કરવામાં આવશે.
20. એકવાર રૂમ નક્કી કર્યા બાદ ચોક્કસ કારણ વગર રૂમ બદલી આપવામાં આવશે નહીં.
21. કોલેજના કોઇ પણ કામકાજ અંગે સોમવારથી શનિવાર સવારે 10 થી 12 વચ્ચે નીચે આપેલ કોલેજના ફોન નંબર પર માહિતી મેળવી શકશો અથવા નોંધ કરાવી શકશો.

    **COLLEGE = 7069013231 & 7863864800**
22. સંસ્થાના અન્ય કોઈ કર્મચારી કે ડ્રાઇવર જોડે ચેક,રોકડ કે ફીનો વ્યવહાર કરવો નહીં.
23. નોંધ:- (1) અલુણા વ્રત સિવાય કોઈ પણ વાર તહેવારમાં ઉપવાસની મનાઈ રહેશે

    (2) હોસ્ટેલની કોઈ પણ વિધાર્થિનીઓને મેડિકલ બીમારી હોય તો તેની જાણ અગાઉથી કરવાની રહેશે.

    (3) હોસ્ટેલની કોઇ પણ વિદ્યાર્થીનીઓ એ/વાલીશ્રીએ, ટ્રાન્સપોર્ટની વિદ્યાર્થીનીઓ સાથે કોઈપણ પ્રકારના મેસેજ કે પાર્સલ મોકલવા કે લેવા નહીં.આ બાબતે સખત મનાઈ છે.

**અમો વાલીશ્રી,**

**વિદ્યાર્થીનીનું નામ.............................................................................. કોર્સ............ વર્ષ..............**

**સંસ્થાના તેમજ ઉપર મુજબના હોસ્ટેલના સમય અનુસાર થતા સુધારા વધારા સાથેના દરેક નિયમોનું પાલન કરવાની શરતે એડમિશન લઈએ છીએ અને તેની બાંહેધરી આપીએ છીએ.**

**વાલીશ્રી નું નામ..........................................................................**

**મોબાઇલ નં. ..........................................**

**સહી ...........................**